અમરેલી, ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૨-૦૦
તા.૧૫-૧૨-૨૦૨૩ શુક્રવાર

અવધ ટાઇમ્સ

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સ: ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,

જુનામાં જુનુ એટલે...
ઇબ્રાહીમભાઇનું
જનકાર
બાસ બેન્ડ
લેડીઝ અને જેન્ટસ સિંગર સાથે
૧૦૦ માણસોનો સ્ટાફ મળશે
સંપર્ક : મો. ૯૯૨૫૪ ૬૪૪૬૭ / ૮૭૫૮૩ ૧૪૩૦૪
સરનામું :- ચાંદની ચોક, અમરેલી
અમારી કોઇ બીજી શાખા નથી

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વડી),અમરેલીથી છાપીને અવધ ટાઈમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ કારતક સુદ ૩ વર્ષ : ૨૮ અંક ૧૦૬

બે વર્ષ પહેલા હવસખોરે આઠમાં ધોરણમાં અભ્યાસ કરતી ૧૩ વર્ષની બાળાને ભગાડી અને અમદાવાદમાં મંદિરમાં હાર પહેરાવી લગ્ન કરેલા

અમરેલીમાં હવસખોર યુવાનને અંતિમ શ્વાસ સુધીની સજા

આઠમાં ધોરણની વિદ્યાર્થીની ઉપર અવારનવાર બળાત્કાર અને સૃષ્ટી વિરૂધ્ધનું કૃત્ય પણ આરોપીએ કરેલ : પીઆઇ શ્રી જયેશ ચૌધરી અને રાયટર શ્રી રમેશ વાળા, શ્રી કપીલ બગડાએ ચાર્જસીટ કરેલ

જિલ્લા સરકારી વકીલ શ્રી જે.બી. રાજગોરની ધારદાર દલીલો માન્ય રાખી સ્પે. પોકસો જજ શ્રી વાય.એ. ભાવસારે આવા તત્વોને લાલબતી દેખાડી આરોપીને પલ્લાને દાખલારૂપ સજા ફટકારી

અમરેલી,(કાઇમરિપોર્ટર)

અમરેલીમાં આઠમાં ધોરણમાં અભ્યાસ કરતી ૧૩ વર્ષની બાળાને ભગાડીજઈ અને બળાત્કાર તથા સૃષ્ટી વિરુધ્ધનું કૃત્ય કરનારા હવસખોર યુવાનને અમરેલીની પોકસો કોર્ટે અંતિમ શ્વાસ સુધીની સજા ફટકારી છે.

આ અંગેની વિગતો એવા પ્રકારની છે કે, અમરેલી અંબીકાનગર સુળીયાટીંબા પાસે જુના જકાતનાકા પાસે તા.૫-૨-૨૧નાં મોડી રાત્રીથી સવાર સુધીમાં આઠમાં ધોરણમાં અભ્યાસ કરતી ૧૩ વર્ષની સગીરાને આરોપી પરેશ ઉર્ફે પલ્લો આંબાલાલ સુજારામ ધાધલ ઉ.વ.૨૦નાં એ સગીરાને લલચાવી ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી ભગાડીજઈ અપહરણ કરીઓછીસમજ શકિત તથા નબળી માનસીક સ્થિતિનો ગેરલાભ લઈ પ્રેમ સબંધમાં ફસાવી સગીરા સાથે વારંવાર બળાત્કાર ગુજારી તેની સાથે સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય આચરેલ હતુ અને તેણી સાથે લગ્ન પણ મંદિરમાં કર્યા હતા.આ આઠમાં ધોરણની વિદ્યાર્થીની ઉપર આરોપી પલ્લાએ અવારનવાર બળાત્કાર અને સૃષ્ટી વિરૂધ્ધનું કૃત્ય પણ કરેલ હતુ જેની વિગતો તપાસમાં સામે આવતા અમરેલી નીટી પોલીસ સ્ટેશનના તત્કાલીન પીઆઇ શ્રી જયેશ ચૌધરી અને રાયટર શ્રી રમેશ વાળા, શ્રી કપીલ બગડાએ તમામ કડીઓ જોડી આરોપીને સખત સજા થાય તે પ્રકારે ચાર્જસીટ કરેલ હતુ. ઉપરોકત કેસ અમરેલીનાં સ્પેશ્યલ પોકસો જજ

(અનુ. પાના નં.૩)

ભોગ બનનાર બાળા હવસખોરની કુટુંબી બહેન હતી

કોર્ટે આરોપીને છ વખત આજીવન કેદ ફટકારી

છેલ્લા ત્રણ દિવસથી બંને પ્રેમી પંખીડા ગાયબ હતાં

બાબરાના વાંકિયા ગામના પરણિત પ્રેમી પંખીડાનો ગળે ફાંસો લગાવીને આપઘાત

યુવતિનાં હજુ આઠ દિવસ પહેલા લગ્ન થયેલા અને પુરૂષ પ્રેમી એક પુત્રનો પિતા હોવાનું પોલીસમાં ખુલ્યું

બાબરા, (દિપક કનૈયા)

બાબરા તાલુકા ના લાલકા ગામે થી છેલ્લા ત્રણ દિવસ થી ગુમ થયેલા સ્ત્રી અને પુરૂષ ની કોહવાયેલી લાશ તાઈવદર જવાના રસ્તા નજીક ના અવાવરૂ જગ્યા ના વૃક્ષ નીચે લટકતી હોવાની કેફીયત આધારે બાબરા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી અને મોડી સાંજે બંને મૃત દેહો બાબરા સિવિલ હોસ્પિટલ ખાતે પોસ્ટ મોર્ટમ માટે ખેસડવા માંઆવ્યા છે.પ્રાથમિક મળતી વિગત મુજબ વાકિયા રહેતા મહિલા.કોળી દયાબેન શનાભાઈ સાપરા ઉવ.૨૧ તથા ભરવાડ જીલ્લાભાઈ જાડવભાઈ હાદગરડા ઉવ.૨૬ છેલ્લા ત્રણ દિવસ થી કોઈ ને ક્યાં વગર પોતપોતાના ઘેર થી ગુમ જણાઈ આવેલા અને મહિલા ના આઠેક દિવસ પહેલા ગઢડા (સ્વા) ગામે લગ્ન થયેલાં અને લગ્ન બાદ પિયર ના ગામ આટો આવેલી જ્યારે

(અનુ. પાના નં.૩)

સંસદ ભવન ઉપર હુમલો કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવા અમરેલી જિલ્લા કોંગ્રેસનું આવેદન

આરએસીશ્રી વાળાને આવેદન પાઠવતા જિલ્લા કોંગ્રેસ સમિતિનાં આગેવાનો

અમરેલી, ગત તારીખ ૧૩-૧૨-૨૩ ના રોજ લોકશાહીના મંદિર ના દેશની સંસદ પર હુમલો થતા અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિના અગ્રણીઓ એ ૧૩-૧૨-૨૩ નારોજ દેશના સર્વ લોકશાહી મંદિર ઉપર કેટલાય આવારા તત્વોના મિલન ઈરાદે સાથે અને ખોટા મનસુબા અને પારપાડવા સંસદ મંદિર ઉપર સુરક્ષા સકને ભેદી ગંભીર કૃત્ય આશ્ચરેલું છે ત્યારે દેશના કાયદાના શાસનના પ્રશ્નો અને ગંભીર પ્રશ્નાર્થ ઊભો થયેલ છે જેથી કસૂરવાર હોય

(અનુ. પાના નં.૩)

હવસખોરે બળાત્કાર, સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય અને મુખમૈથુન પણ કરાવેલ

અમરેલી, (ક્રાઇમરિપોર્ટર)

અમરેલીનાં ત્રીજા એડીશનલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ તથા સ્પેશ્યલ જજ (પોકસો) શ્રી વાય.એ. ભાવસારે જે આરોપીને આજીવન કેદ ફટકારી છે તેમાં આરોપી ભોગ બનનારનો કુટુંબી ભાઈ હતો અને તે એટલી હદે વિકૃત હતો કે ૧૩

(અનુ. પાના નં.૩)

શ્રી ભરતભાઇ મહેતા અને શ્રી કિરીટભાઇ જોષી પરિવારમાં રૂડા લગ્નોત્સવનો પ્રારંભ : અવધ હેરિટેજ રિર્સોટ ખાતે

અમરેલીમાં શ્રી ભરતભાઇ મહેતાના આંગણે સંગીત સંધ્યા યોજાઇ

અ.સૌ. શ્રીમતી જીજ્ઞાબહેન અને શ્રી ભરતભાઇ કનકરાય મહેતાના સુપુત્ર ચિ. રાહુલના શુભવિવાહ

અ.સૌ. શ્રીમતી અલ્પાબહેન અને શ્રી કિરીટભાઇ ધીરૂભાઇ જોષીના સુપુત્રી ચિ. પાયલ સાથે યોજાશે

વિવાહની પુર્વ સંધ્યાએ અવધ હરિટેજ રિસોર્ટ ખાતે સંગીત સંધ્યા યોજાઇ : રાત્રે રાસોત્સવ યોજાયો :

વરરાજાના કાકા શ્રી વિમલભાઇ મહેતા સહિત પરિવારે લગ્નોત્સવમાં પધારેલ મહેમાનોનું સ્વાગત કર્યુ

અમરેલી, જોષીપરા નિવાસી સ્વ. રામજી હરખજી મહેતાના આંગણે શુભ અવસર આવ્યો છે. શ્રી ભરતભાઇ મહેતા અને આંબરડી નિવાસી હાલ અમરેલી શ્રી કિરીટભાઇ જોષી પરિવારમાં રૂડા લગ્નોત્સવનો પ્રારંભ થયો છે. અ.સૌ. શ્રીમતી જીજ્ઞાબહેન અને શ્રી ભરતભાઇ કનકરાય મહેતાના સુપુત્ર ચિ. રાહુલના શુભવિવાહ અ.સૌ. શ્રીમતી અલ્પાબહેન અને શ્રી કિરીટભાઇ ધીરૂભાઇ જોષીના સુપુત્રીચિ. પાયલ સાથે યોજાશેઆ હરખના પ્રસંગે વરરાજાના કાકા શ્રી વિમલભાઇ મહેતાસહિત પરિવારેલગ્નોત્સવમાંપધારેલ મહેમાનોનુંસ્વાગત કર્યુંહતુ.લગ્નોત્સવ પુર્વે અમરેલીના અવધ હેરિટેજ રિસોર્ટ ખાતે શ્રી ભરતભાઇ મહેતાના આંગણે સંગીત સંધ્યા યોજાઇ હતીપવિત્ર વિવાહની પુર્વ સંધ્યાએ અવધ હરિટેજ રિસોર્ટ ખાતે ભવ્ય સંગીત સંધ્યા યોજાઇ હતી અને રાત્રે રાસોત્સવ યોજાયો હતો આજે લોહાણા મહાજન વાડી ખાતે નવદંપતિ વિવાહના પવિત્ર બંધનમાં બંધાશેઅનેમિત્રો,સ્નેહીઓશુભકામનાઓ સાથે પ્રભુતામાં પગલા માંડતા નવદંપતિને આર્શિવાદ પાઠવશે.

રાજુલામાં મહિલાઓ દ્વારા સૂર્ય નમસ્કારનો કાર્યક્રમ યોજાયો

સંઘવી મહિલા કોલેજ અને ગાયત્રી મંદિરે આયોજન

રાજુલા, (કનુભાઈ વરૂ)રાજુલા ખાતે આવેલી એચડીસંઘવીમહિલાઆર્ટસએન્ડ કોમર્સકોલેજ તેમજ ગાયત્રી મંદિર ખાતે મહિલાઓ દ્વારા સૂર્ય નમસ્કારનું આયોજન કરવામાં આવ્યુંહતુંછેલા ઘણાસમયથીઆસૂર્યનમસ્કારનોકાર્યક્રમચાલી રહ્યોછેજેમાંઅનેકમહિલાઓભાગલઈરહીછે ઉર્મિલાબેન રવેચા અને દીપાબેન તેરૈયા ની આગેવાનીમાંઆવિસ્તારમાંસૂર્યનમસ્કારદ્વારા અનેકમહિલાઓતેનોભાગલઈરહીછેઅનેઆ સૂર્યનમસ્કાર કાર્યક્રમસાંજેપ થી ૬ બંનેસ્થળોએ યોજવામાંઆવ્યોહતોમહિલાઓમાંયોગપ્રત્યે જાગૃતિવધેતેનુંથીઆકાર્યક્રમનેસફળબનાવવા માટે બંને મહિલાઓ દ્વારા સુંદર આયોજન કરવામાંઆવ્યુંહતું.

શ્રી સ્વામિનારાયણ સંતો અને હરીભકતોની ઉપસ્થિતિમાં

બગસરામાં સ્વામિનારાયણ મંદિર મુર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે

તા.૧૭ને રવિવારે બગસરા ખાતે સમગ્ર સૌરાષ્ટ્રનાં આગેવાનોની ઉપસ્થિતિમાં આયોજન માટે મહત્વની બેઠક

યોજાશે : નુતન મંદિરની પ્રાચીન કલાકૃતિ સાથે અદભુત ડેકોરેશન , મહોત્સવમાં પ્રાચીન સંસ્કૃતિની ઝાંખી કરાવાશે

બગસરા, (રૂપેશ રૂપારેલીયા)

બગસરામાં શ્રી સ્વામિ નારાયણનો મંદિરનો ભવ્યથી ભવ્ય મુર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ આગામી તા. ૧૧ થી ૧૯-૧-૨૦૨૪ સુધી યોજાનાર છે. જે માં ભારતભરમાંથી હરીભકતો સંતો ઉપસ્થિત રહેશે. અનેકવિધ કાર્યક્રમોસાથે મહોત્સવમાં કથાપારાયણ યજ્ઞદર્શન, અખંડ ધુન, સહિત કાર્યક્રમો દ્વારા દિવ્યતાનું મોઝું ફરી વળશે. નુતન મંદિરની પ્રચાની કલાકૃતિ અને આધુનિક લાઈટ ડેકોરેશન અર્વાચીનપ્રાચીન સંસ્કૃતિની યાદ અપાવશે. મહોત્સવ અંગે આયોજકોદ્વારાતડામારતૈયારીઓથઈરહી છે. આ અંગેસમગ્રસૌરાષ્ટ્રના આગેવાનોની એક મહત્વની બેઠક તા. ૧૭-૧૨-૨૪ રવિવારના રોજ સવારે ૯ થી ૧૧ કલાકે રાખેલ છે. આયોજકો વતી સ્વામિનારાયણ મંદિર દ્વારા જણાવાયું છે.

ચલાલામાં ગાયત્રી પરીવાર દ્વારા નેત્ર, દંતયજ્ઞ યોજાયો

૧૯૦ દર્દીઓએ નેત્રયજ્ઞ, દંતયજ્ઞનો વીનામુલ્યે લાભ લીધો

ચલાલા, (પ્રકાશ કારીયા)

ચલાલા યુગ નિર્માણ ગાયત્રી પરીવાર ટ્રસ્ટ દ્વારા ૨૬૧ મો વિનામુલ્યે નેત્રયજ્ઞ , દંતયજ્ઞ યોજાયો હતો. જેમાં શ્રીરણછોડદાસજીબાપુ , ચેરીટેબલ હોસ્પિટલ, જીલ્લા અંધત્વ નિવારણ સમિતિ અમરેલીના સંયુકત ઉપક્રમે આ કેમ્પમાં નિષ્ણાંત ડોકટરોની ટીમે સેવાઓ આપી હતી. કેમ્પનું દિપ પ્રાગટય સંસ્થાનાવડાપુ. રતિદાદા તથા ડોકટરશ્રીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. સંસ્થાનાવડાપુ. રતિદાદાએ દર્દીઓને સારૂ થઈ જાય તેવી ભગવાનને પ્રાર્થના કરી હતી. ડો. રાજન હીનાચીમનલાલ અનીલાબેન રોહન માયા પાવ જયેશ ડો. રાખી જયા રાની ઠાકુર - યુ.કે. ડો. રાજનના ૫૦ માં જન્મદિવસ નિમિતે આર્થિક સહયોગથી રણછોડજીદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ રાજકોટ અને જીલ્લા અંધત્વ નિવારણ સમિતિ અમરેલીના સહયોગથી આંખના દર્દીઓની ચકાસણી કરવામાં આવી હતી. જે પૈકી૫૦ દર્દીઓને રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલમાં લઈ જઈ ઓપરેશન કરી નેત્રમણિબેસાડીઆપવામાંઆવેલ.તેમજ દંતયજ્ઞમાં ડો. અવનીબેન દ્વારા અનેક દર્દીઓને દાંત કાઢી, ચાંદી પણ વિનામુલ્યે પુરી આપવામાં આવી હતી.

અરજન્ટ ફુંકી મારવાનું છે

અમરેલીમાં ૫ મી. X ૧૩.૫૦ મી. નો પ્લોટ માત્ર રૂા.૫.૫૫ લાખ અને 1BHK મકાન કે ફલેટ ૮.૫૫ લાખમાં

લાભમ્ પ્રોપર્ટીઝ : ૯૪૨૮૯ ૭૦૯૫૪

નાયબ જીલ્લા પ્રાથમીક શિક્ષણ અધીકારી શ્રી સોલંકીના અતીથી વિષેશ પદે

અમરેલી આર.કે. સાયન્સ સ્કુલમાં વિજ્ઞાન મેળો યોજાયો

વિજ્ઞાન મેળામાં ૨૦૦ ઉપરાંતના વિદ્યાર્થીઓએ ૫૦ થી વધુ પ્રોજેક્ટો રજુ કર્યા : તજ્ઞોનું માર્ગદર્શન

અમરેલી,આર.કે.સાયન્સસ્કુલ (English medium) લાઠી રોડ ખાતે ભવ્ય વિજ્ઞાન મેળાનું આયોજન કરેલ જેમાં મુખ્ય અતિથી શ્રી ઘનશ્યામ સોલંકી (નાયાબજિલ્લાપ્રાથમિકશિક્ષણ અધિકારી) તેમજ શ્રી અશરફ કુરેશી (જિલ્લા યુવાપ્રાંત વિકાસ અધિકારી)એ હાજરી આપેલ, આ ભવ્ય વિજ્ઞાન મેળામાં ૨૦૦ થી પણ વધુ વિદ્યાર્થીઓ એ ૫૦ થીપણવધૂવર્ઢિંગપ્રોજેક્ટસરજુ કરેલા હતા.આદરણીય અમિન હાલા, રિતેશભાઈ સોની, ડો. અલતાફભાઈ દેસાઈ, રફીકભાઈ ચૌહાણ, અઝિમભાઈ લાખાણી, રોમિલભાઈ ચૌહાણ, જાવેદભાઈ પઠાણ, અદિબબાપુ સૈયદ, ભાવેશભાઈ વાઘેલા, ડો. જુનેદ, ઈકબાલભાઈ દેરૈયા વગેરે જેવા મહાનુભાઓ વિજ્ઞાન મેળામાં ઉપસ્થીત રહ્યા હતા.આ કાર્યક્રમનું નિયમન શ્રીનિલેશ શાપનેરી, શ્રી રોહીત મહેતા , શ્રી નીરવ કારીયા , કમલેશ ખાંધલા, તેમજ શ્રીનિલેશ ઝાલા જેવા નિષ્ણાંતો દ્વારા કરવામાં આવેલ હતું. આ વિજ્ઞાન મેળાનો હેતુ વિદ્યાર્થીઓમા રહેલ છુપાયેલી પ્રતિભાઓને જાગૃત કરી વિજ્ઞાન અને ટેકનોલોજી તરફ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરોપાડવાનો હતો. આ ભવ્ય વિજ્ઞાન મેળાના આયોજન માટે સંસ્થાના ડાયરેકટર શ્રી તનવીર ગીગાણી , શ્રી શ્યામ ચંદનાની તથા તમામસ્ટાફકમલકલાવડીયા, નીખીલ, જાગૃતી બેન, ઝેનબ બેન, આયુષિ બેન, યાશિક, સ્મિત વગેરેઓએ જહમત ઉપાડેલ હતી.

ચશ્મા, મોતીયો, વેલ, છારી વગેરે

આંખની તકલીફો

કુદરતી ઉપાયોથી દુર રાખી શકાય છે તો નેત્રાલયોમાં ન જતા અમોને મળો

વિનુભાઇ છાશવાળા

ઇન્દીરા માર્કેટ સામે, સિધ્ધી વિનાયક શેરીમાં, અમરેલી

મો.૯૪૨૭૪ ૨૯૨૬૧ - ૯૬૬૪૬ ૮૯૮૬૬

અમારા છાશના ધંધા માટે સેલ્સમેનની જરૂર છે

અમરેલીનું ગૌરવ

હોટલ રોયલ ફોરચ્યુન

રૂમ્સ એન્ડ કોફીબાર

A/C રૂમ એન્ડ નોન A/C રૂમ

મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં

કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી

સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

FASTag Easy to Cruise

દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો

વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો

મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પલેક્ષ, અમરેલી મો. ૯૦૩૩૨ ૬૦૦૫૨

મકાન વેચવાનું છે

વેસ્ટર્ન પાર્ક સોસાયટી, ચિતલ રોડ, અમરેલી ખાતે ચામુંડા કૃપા નામનું તમામ સુવિધાવાળુ બે માળનું મકાન (બંગલો) મોકાની જગ્યાવાળુ વેચાણ કરવાનું છે ખરીદ કરવા માંગતા વ્યકિતએ સંપર્ક કરવો

પી.સી.પરમાર (નિવૃત મામલતદાર)

સંપર્ક : મો.૯૮૨૫૯ ૦૬૨૧૨

જુની બિલ્ડીંગ તોડવાનું કામ ચાલુ છે

જુની લોખંડની ગ્રીલો, જુના લોખંડના બારી દરવાજા, તેમાંથી નીકળેલી ઇંટો વિગેરે વ્યાજબી ભાવે વેચવાના છે

જુની પોલીસ લાઇન, ખાખબાઇ રોડ, રાજુલા

જીગાભાઇ મો. ૮૭૮૦૪ ૦૪૦૮૭ | હસુભાઇ મો. ૯૩૨૮૬ ૧૦૩૫૨

કલેકટરશ્રી અજય દહિયાના માર્ગદર્શનમાં જિલ્લા પુરવઠા અધિકારી શ્રી પુજા જોટાણીયાની ટીમ દ્વારા હાથ ધરાયેલ સઘન પ્રયાસોથી

અમરેલી જિલ્લામાં ઇ-શ્રમિકોના રેશનકાર્ડ બનાવવા ઝુંબેશ

જેના નામે ઇ-શ્રમ કાર્ડ હોય અને રેશનકાર્ડ ન હોય તેવા ૨૮૮૫૨ કાર્ડધારકોને શોધી તેમને રેશનકાર્ડ અપાવી સરકાર દ્વારા અનાજ મળતુ થાય તેવું ભગીરથ કાર્ય હાથ ધરવામાં આવ્યું

હાલમાં અમરેલી જિલ્લામાં ૬૦ હજાર જેટલા ઇ-શ્રમ કાર્ડ ધરાવતા શ્રમિકો છે દરેકને અનાજની સરકારી યોજનામાં મળતા લાભો મળે તેના માટે અમરેલી જિલ્લાના વહીવટી તંત્ર દ્વારા પ્રયાસો

અમરેલી,(ફીલ્ડ રિપોર્ટર)

અમરેલીના કલેકટરશ્રી અજય દહિયાના માર્ગદર્શનમાં જિલ્લા પુરવઠા અધિકારી શ્રી પુજા જોટાણીયાની ટીમ દ્વારા હાથ ધરાયેલ સઘન પ્રયાસોથી અમરેલીજિલ્લામાંઇ-શ્રમિકોના રેશનકાર્ડ બનાવવાની ઝુંબેશ શરૂ થઈ છે.

જેના નામે ઇ-શ્રમ કાર્ડ હોય અને રેશનકાર્ડ ન હોય તેવા ૨૮૮૫૨ કાર્ડધારકોનેશોધીતેમનેરેશનકાર્ડઅપાવી સરકાર દ્વારા અનાજ મળતુ થાય તેવું ભગીરથ કાર્ય હાથ ધરવામાં આવ્યું છે હાલમાં અમરેલી જિલ્લામાં ૬૦ હજાર જેટલા ઇ-શ્રમ કાર્ડ ધરાવતા શ્રમિકો છે દરેકને અનાજની સરકારી યોજનામાં મળતા લાભો મળે તેના માટે અમરેલી જિલ્લાના વહીવટી તંત્ર દ્વારા પ્રયાસો થઈ રહયા છે. જિલા પુરવઠા અધિકારી શ્રી પુજા જોટાણીયાએ અવધ ટાઇમ્સને માહીતીઆપતાજણાવેલ કે,જેમના નામે ઇ -શ્રમ કાર્ડ છે તેવા ૨૮૮૫૨ જેટલા કાર્ડધારકોના નામ રેશન કાર્ડમાં જ નથી જેથી તેમને રેશન કાર્ડ આપી તેના માધ્યમથી સરકારી અનાજની સહાય સહિતની યોજનાઓનો લાભ મળે તેના માટે વહીવટી તંત્રદ્વારાઝુંબેશહાથધરાઈ છે આવા ઇ-શ્રમકાર્ડ ધારકકોને આઈડેન્ટીફાઇ કરવામાટે તેમનેફોનકરી સંપર્ક કરવામાંઆવીરહયોછેપણજેઇ-શ્રમકાર્ડધારકરેશનકાર્ડનધરાવતાહોય અને રેશનકાર્ડ હોય અને અનાજ ન મેળવતા હોય આવી પાત્રતા ધરાવનારે પોતાના તાલુકાની મામતદાર કચેરીનો સંપર્ક સાધવો જોઈએ અને મામલતદાર કચેરીઓ પણ આ કાર્ય માટે આવા કાર્ડધારકકોનેટેલીફોનીકસંપર્ક કરીરહી છે.અત્રેએઉલ્લેખનીયછેકહાલમાંજિલ્લા વહીવટી તંત્ર પોતાની રીતે મહેનત કરી રહયું છે ત્યારે દરેક ગામના સરપંચે અને ગામના રાજકીય કાર્યકરોએ પણ પોત પોતાના ગામના આવા લોકોને શોધી તેને સરકારની યોજનાનો લાભ મળે તેવો પ્રયાસ કરવો જોઈએ.

વડોદરામાંથી ગુમ થયેલી મહિલાને મીતીયાળામાંથી શોધી કાઢતી પોલીસ

અમરેલી,

સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનનાપો.સબ.ઈન્સ.એ.એસ.કટારાતથા હેડ.કોન્સ.પીયુષકુમારનટવરલાલઠાકરતથા ડ્રા.પો.કોન્સ.કુલદીસિંહચુડાસમાએરીતેના ગ્રામ્ય વિસ્તારમા પેટ્રોલીંગમા હતા હકીકત મળી કે, વડોદરાસીટીસયાજીગંજપો.સ્ટે.ના ગુમ જા.જીગ ન-૧૬/૨૦૨૩ ના કામે ગુમ થનાર તરલાબેન વા/ઓ નરેન્દ્રભાઇ રણછોડભાઈ મારવાડી ઉવ ૩૨ રહે બી.એસ.યુ.પી.આવાસયોજનાબ્લોકનં૧૧ રૂમનં૧૨ જીવણનગર, વાઘોડીયા વડોદરા વાળા મીતીયાળા ગામે કુળુભાઈ રાઘવભાઈ દેવવાણીયાના ઘરે હોય જેથી મહિલા પો.કોન્સ.દીરણબેન રામજી ભાઈ ખટાણા નાઓને સાથે રાખી મીતી યાળા ગામે જઈ કનુભાઈરાઘવભાઈ દેવવાણીયાના રહેણાંક મકાનેજઈ તપાસકરતા ગુમથનાર તરલાબેન વા/ઓ નરેન્દ્રભાઈ રણછોડભાઈ મારવાડી વાળા મળી જે અંગે વડોદરા સયાજીગંજ પોલીસ સ્ટેશને જાણ કરી આગળ ની કાર્ય વાહીહાથધરવામા આવેલ છે.

ખેતીપાકોમાં રોગચાળા સામે પગલા લેવા

જામકામાં ખેડુતોની બેઠકમાં માર્ગદર્શન અપાયું

સંકલીત રોગ, જીવાત નિયંત્રણ અંગે શિબીરમાં ૧૩૦ ખેડુતોએ ભાગ લીધો

અમરેલી,

તારીખ ૧૪-૧૨-૨૦૨૩ ને ગુરૂવારે જામકા ગામે રવિસીઝન પાકમાં સંકલિત રોગ જીવાત નિયંત્રણ બાબતે GHCL Foundation SMCD વિકટર ના શ્રી રમેશભાઈ મકવાણામેનેજર દ્વારા ખેડૂતો ની મિટિંગ નું આયોજન કરેલ છે જેમાં વિવિધ શાખાના અધિકારીઓ દ્વારા ખેતી લક્ષી. પશુપાલનવિશે માહીતીઆપવામાંઆવી આ શિબિરમાં ગામના સરપંચ દડુભાઈ. ઉપ સરપંચ કનુભાઈ. નાથાભાઈ વાઘ તાલુકાસદસ્ય ખાંભા. હરસુર ભાઈ વાઘ માર્કેટિંગ યાર્ડનાં ઉપ પ્રમુખ. રવિભાઈ સોલંકી GHCL Foundation વિકટર અજયભાઈ પાલીવાલવીર ભાઈ નોળ વગેરે ખાસ ઉપસ્થિત રહી ને ખેડુતો ને ઓર્ગનીક ખેતી વિષે માહીતી આ કાર્ય શિબિર માં ૧૩૦ ખેડુતો હાજર રહિયા હતા આપવામાં આવી

નહેરૂ યુવા કેન્દ્ર દ્વારા

મોબાઇલ ફોટોગ્રાફી સ્પર્ધામાં અમરેલી કમાણી સાયન્સ કોલેજનાં વિદ્યાર્થીએ રાજ્ય કક્ષાએ બીજો નંબર મેળવ્યો

શૈક્ષણીક સ્ટાફે વિદ્યાર્થીને પ્રોત્સાહિત કર્યો

અમરેલી,નહેરુ યુવા સંગઠન કેન્દ્ર શરૂણજી ગાંધીનગર માં યોજાયેલ સ્ટેટ લેવલની મોબાઈલ ફોટોગ્રાફી કોમ્પિટિશનમાં અમરેલી જિલ્લાનું પ્રતિનિધિત્વ કરતા વિદ્યાસભા સંચાલિત કમાણી સાયન્સ કોલેજ માં બીસીએક ફર્સ્ટ વર્ષની સગીરા ઉપર બળાત્કાર કરી સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય પણ કરેલ અને આટલેથી ન અટકતાતેનીપાસેમુખમૈથુન પણકરાવેલઆ હવસખોરનીવિકૃતતાનીચરમસીમાએહતી કે તે તેણીને બગાડીને અમદાવાદ લઈ જતો હતોત્યારેરસ્તામાંબસેલોહ્લ કરતાતેણીપાસે મુખમૈથુનકરાવ્યુહતુ. ૧૩વર્ષનીઅણસમજુ સગીરાને ફસાવી બગાડનાર આ શખ્સને મહતમ સજા કરવા માટે ડીજીપી શ્રી જે.બી.રાજગોરે કોર્ટને વિનંતી કરી હતી કે જેનાથી સગીર અવસ્થાની બાળાઓને લલચાવી તેની નબળી માનસીકસ્થિતીઓનો લાભ લઈ બળાત્કાર કરવાના ગુનાઓ સમાજમાં સતત વધી રહયા હોય અને આવા ગંભીર ગુનાઓમાં સમાજમાં દાખલો બેસે.

કોર્ટે આરોપી પરેશ ઉર્ફે પલ્લો આંબાલાલને આઈપીસી ૩૭૬(૨) (એન) માંઆજીવન કેદ અને પાંચ હજારનો દંડ તથા આઈપીસી૩૭૬(૩) માંઆજીવન કેદ અને ૨૫ હજાર દંડ, આઈપીસી ૩૭૬(૨) (જે) માં આજીવન કેદ અને ૨૫ હજાર દંડ, આઈપીસી ૩૭૭ માંઆજીવન કેદ અને ૨૫ હજારનો દંડ પોકસો એકટની કલમ ૪ ના ગુનામાં આજીવન કેદ અને ૨૫ હજાર દંડ, પોકસોએકટનીકલમ૫ (એલ) સાથે વાંચતા કલમ ૬ ના ગુનામાં આજીવન કેદ અનેપોકસો એકટનીકલમ૭સાથેવાંચતા ૮ માંપાંચવર્ષની સખ્તકેદ તથાપોકસોએકટનીકલમ૮ (એલ) સાથે વાંચતા ૧૦ મુજબમાં ૭ વર્ષની કેદ ફટકારી છે.

મુસાફરોની સુવિધા માટે

ભાવનગર-જેતલસર ટ્રેનને ૧૬મી ડિસેમ્બરથી વેરાવળ અને પોરબંદર સુધી લંબાવવામાં આવશે

પોરબંદર-વેરાવળ ટ્રેનને રાજકોટ ડાયવર્ટ કરવામાં આવશે

અમરેલી,

મુસાફરોની સુવિધા માટે, રેલ્વે બોર્ડ દ્વારા પશ્ચિમ રેલ્વે ભાવનગર ડિવિઝનની ટ્રેન નંબર ૦૯૫૬૮/૦૯૫૬૫ ભાવનગર-જેતલસર ટ્રેનને પોરબંદર અને ટ્રેન નંબર ૦૯૫૬૬/૦૯૫૬૭ ભાવનગર-જેતલસર ટ્રેનને વેરાવળસુધીવિસ્તાર કરવા માટે અનેટ્રેન નંબર ૧૯૨૦૭/૧૯૨૦૮ પોરબંદર-વેરાવળ એક્સપ્રેસ ટ્રેનને રાજકોટ વાયા જેતલસર ડાયવર્ટ કરવાની મંજૂરી આપવામાંઆવીછે.આતમામટ્રેનો૧૬ ડિસેમ્બર, ૨૦૨૩ (શનિવાર) થી પ્રભાવિત થશે. ભાવનગર ડિવિઝનના સીનિયર ડીસીએમશ્રીમાશૂફઅહમદના જણાવ્યા મુજબ, આ ટ્રેનોનું વિગતવાર વર્ણન નીચે મુજબ છે:

૧. ટ્રેન નંબર ૦૯૫૬૬ ભાવનગર-વેરાવળટ્રેનકેટ્રેનભાવનગરટર્મિનસથી દરરોજ સવારે ૦૪.૪૦ કલાકે ઉપડશે અનેતેજદિવસે ૧૧.૩૦કલાકેવેરાવળ પહોંચશે. પરત દિશામાં ટ્રેન નંબર ૦૯૫૬૭વેરાવળ-ભાવનગરદૈનિકટ્રેન વેરાવળથી દરરોજ ૧૪.૪૦ કલાકે ઉપડશે અને ભાવનગર ટર્મિનસ ૨૨.૦૫ કલાકે પહોંચશે. આ ટ્રેન જેતલસર અનેવેરાવળ વચ્ચેબંનેદિશામાં જૂનાગઢ, કેશોદ, માળીયા હાટીના અને ચોરવાડ રોડ સ્ટેશનો પર ઉભી રહેશે.

૨. ટ્રેન નંબર ૦૯૫૬૫ પોરબંદર-ભાવનગર ટ્રેન પોરબંદરથી દરરોજ સવારે ૦૭.૩૦ કલાકે ઉપડશે અને તેજ દિવસેબપોરે ૧૪.૩૦કલાકેભાવનગર ટર્મિનસ પહોંચશે. પરત દિશામાં, ટ્રેન નંબર ૦૯૫૬૮ ભાવનગર-પોરબંદર દૈનિકટ્રેનભાવનગરટર્મિનસથીદરરોજ ૧૫.૦૦ કલાકે ઉપડશે અને તેજ દિવસે ૨૨.૧૦ કલાકે પોરબંદર પહોંચશે. આ ટ્રેન જેતલસર અને વેરાવળ વચ્ચે બંને દિશામાં વાંસજાળીયા, જામ જોધપુર, પાનેલી મોટી, ભાયાવદર, ઉપલેટા અને ધોરાજી સ્ટેશને ઉભી રહેશે.

૩.ટ્રેનનં. ૧૯૨૦૭પોરબંદર-રાજકોટ દૈનિક એક્સપ્રેસ પોરબંદરથી દરરોજ સવારે૦૫.૪૫કલાકેઉપડશેઅનેસવારે ૧૦.૩૦કલાકે રાજકોટ પહોંચશે.પરત દિશામાં, ટ્રેન નંબર ૧૯૨૦૮ રાજકોટ-પોરબંદર દૈનિક એક્સપ્રેસ દરરોજ રાજકોટથી ૧૬.૧૦ કલાકે ઉપડશે અને ૨૧.૨૦ કલાકે પોરબંદર પહોંચશે. આ ટ્રેન પોરબંદર અને રાજકોટ વચ્ચે બંને દિશામાં રાણાવાવ, તરસઈ, વાંસજાળીયા, કાટકોલા, બાલવા, જામ જોધપુર, પાનેલી મોટી, ભાયાવદર, ઉપલેટા, સુપેડી, ધોરાજી, જેતલસર, નવાગઢ, વીરપુર, ગોંડલ અને ભક્તિનગર સ્ટેશનો પર ઉભી રહેશે.

વડાપ્રધાનશ્રી દ્વારા લોન્ચ કરાયેલ

ફ્લેગશિપ યોજના પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના કારીગરોને બિઝનેસ વધારવામાં મદદરૂપ બનશે

કૌશલ્ય ધરાવતા કારીગરો માટે યોજના વરદાનરૂપ બની : લાભ લેવા અનુરોધ

અમરેલી,વડાપ્રધાનશ્રીદ્વારા લોન્ચ કરવામાં આવેલી ફલેગશિપ યોજના પ્રધાનમંત્રી વિશ્વકર્માયોજનાદેશના પરંપરાગતકૌશલ્ય ધરાવતા કારીગરોને પોતાનો બિઝનેસ વધારવામાં મદદરૂપ થશે ઉપરાંત લોન તથા તાલીમસહિતનાઅન્ય લાભસામેલ કરવામાં આવ્યાહોવાથીસ્કીલધરાવતાકારીગરોમાટે આ યોજના વરદાનરૂપ બનશે. આ યોજના અંતર્ગત કોણ લાભ લઈ શકશે:- હાથ વડે કામગીરી કરતા તમામ કારીગરો આ યોજનાનો લાભ લઈ શકશે. આ લાભ કુટુંબદીઠ એક સભ્ય સુધી મર્યાદિત રહેશે. લાભાર્થીની લઘુતમ ઉમર ૧૮ વર્ષ હોવી જોઈએ. તેમણે/તેણીએ છેલ્લા ૫ વર્ષમાં સ્વરોજગાર/વ્યવસાયિકવિકાસમાટેધિરાણ યોજનાઓ હેઠળ લોન લીધેલી ન હોવી જોઈએ.જેમકેપીએમઈજીપીअनेप्रधानमंत्री स्वनीधि. મુદ્રા અને પ્રધાનમંત્રી સ્વનીધિના લાભાર્થીઓ કે જેમનેતેમનીલોનનીચુકવણી કરી દીધી હોય તેઓ પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના હેઠળ લાભ મેળવી શકશે. સરકારી નોકરી કરતી વ્યકિત અને તેના પરિવારના સભ્યો પાત્ર રહેશે નહીં.

યોજના અંતર્ગત લાભ:- સફળ રજીસ્ટ્રેશન બાદ લાભાર્થીને પીએમવિશ્વકર્મા સર્ટિફિકેટ અને આઈડી કાર્ડ આપવામાં આવશે. કૌશલ્યચકાસણીપછીલાભાર્થીઓને રૂા. ૧૫,૦૦૦/- ની ટૂલકિટનો લાભ આપવામાં આવશે. લાભાર્થીઓને તાલીમ આપવામાં આવશે. અને તાલીમ દિવસ દીઠ દૈનિક રૂા. ૫૦૦/- ના સ્ટાઈપેન્ડ આપવામાં આવશે. બેઝીક કૌશલ્યતાલીમબાદ લાભાર્થી ૧૮ મહિનાનીમુદતમાટે રૂા. ૧ લાખસુધીની કોલેટરલ ફ્રી લોન મેળવવા પાત્ર બનશે. જે કુશળ લાભાર્થીઓ સ્ટાન્ડર્ડ લોન એકાઉન્ટ જાળવશે અને જેમણે ડિજિટલ વ્યવહારો અપનાવ્યાછેઅથવાએડવાન્સકૌશલ્યતાલીમ લીધી છે, તેઓ ૩૦ મહિનાના સમયગાળા સાથેરૂા. ૨ લાખસુધીનીબીજીલોનમેળવવાને પાત્ર બનશે. પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના અંતર્ગત લાભાર્થીઓ પાસેથી બેંક લોન માટે વસુલાતપાત્રવ્યાજનોરાહતદર૫%નોરહેશે. ભારતસરકાર દ્વારા વ્યાજ સહાય ૮% સુધીની રહેશે અને બેંકોને વ્યાજ સહાય ભારત સરકાર દ્વારા સીધી આપવામાં આવશે. ગુણવત્તા પ્રમાણપત્ર, બ્રાન્ડિંગ, ઈ-કોમર્સ અને ઈ૬ પ્લેટફોર્મ પર ઓન-બોર્ડિંગ, જાહેરાત, પ્રચાર અને પ્રવૃત્તિઓના સ્વરૂપમાં માર્કેટિંગસપોર્ટઆપવામાંઆવશે.માન્યટ્રેનની વિગતો :- (૧) સુથાર (૨) બોટ/નાવડી બનાવનાર,(૩)શસ્ત્રોબનાવનાર(૪)લુહાર (૫) હથોડી અને ટુલકીટ બનાવનાર (૬) તાળાં બનાવનાર (૭) મૂર્તિકાર, શિલ્પકાર, પથ્થર તોડનારા (૮) સોની (૯) કુંભાર (૧૦) મોચી/ચર્મકાર/પગરખાં બનાવનાર (૧૧) કડીયા (૧૨) ટોપલી/સાદડી/સાવરણા બનાવનાર/કોયર વિવર (૧૩) પરંપરાગત ઢીંગલીઓ અને રમકડા બનાવનાર (૧૪) વાળંદ (નાઈ) (૧૫)હુલોનીમાળાબનાવનાર/ માળી (૧૬) ધોબી (૧૭) દરજી (૧૮) માછીમારીમાટેનીજાળબનાવનાર રજીસ્ટેશન માટે જરૂરી વિગતો :- 'આધાર કાર્ડ (આધાર કાર્ડસાથેલિંક મોબાઈલનંબર) બેન્કનેલગતી વિગત (બેન્ક પાસબુક, બેન્ક એકાઉન્ટ નંબર, અને IFSC કોડ, બેન્ક નામ, બેન્કમાંઆધાર કાર્ડ સાથે લિંક મોબાઈલ નંબર) રેશન કાર્ડ સહિતના આધારો જોઈશે. યોજના અંતર્ગત રજીસ્ટ્રેશન કરવા માટે નજીકના કોમન સર્વિસ સેન્ટર (C.S.C) નો સંપર્ક કરવો.

પહેલા પાનાનું આપઘાત

પહેલા પાનાનું હવસખોર યુવાન

વાય.એ.ભાવસારની સ્ટેટમાં કેસ ચાલી જતા જિલ્લા સરકારી વકીલ શ્રી જે.બી.રાજગોરની ધારદાર દલીલોને ગ્રાહ્ય રાખી બળાત્કાર કરવાનાં ગુનાઓ સમાજમાં સતત વધી રહ્યાં છે. આથી આવા ગંભીર પ્રકારનાં ગુનાઓમાં સમાજમાં દાખલો બેસે તે માટે કોર્ટે આરોપી પરેશ ઉર્ફે પલ્લો આંબાલાલ સુજારાય ઘાયલને આઈપીસી ૩૭૬(૨)(ડબલ્યુ)માંઆજીવન કેદ, ૩૭૬ (૩), ૩૭૬ (૨) (જે), પોક્સો૪, ૮,૫(સી), ૭,૮,૯,૧૦મુજબઅંતિમશ્વાસ સુધીનીસજાતથારૂા.૧,૪૫,૦૦૦નોદંડતેમજ વીપોક્સોએકટ૨૦૧૨નીકલમ૩૩(૮)અને ૨૦૨૦નાંરૂલ૯(૨)હેઠળરૂા.૭,૦૦,૦૦૦ વધારાનાં વળતર તથા વચગાળાનું વળતર રૂા.૧,૦૦,૦૦૦મળીકુલરૂા.૮ લાખવળતર ચુકવવા કોર્ટે હુકમ કર્યોહતો.

પહેલા પાનાનું આજીવન કેદ

પુરૂષપાંચવર્ષીયપુત્રનોપિતાહોવાનુંચર્ચાયું હતું.પોલીસનીપ્રાથમિકતપાસમાંબંન્નેવચ્ચે પ્રેમ સબંધ હોય અને મહિલાના લગ્ન થઈ જવાથી હવે બન્ને એક નહી થઈ શકવાના આઘાત જીરવી નહી શકવા ના કારણે લાગી આવતા પોતે પોતાની મેળે લીમડા ના ઝાડ સાથેએકસુતરબનીદોરીમાંએકસાથેલટકી ગળે ફાંસો લગાવી જીવન નો અંત લાવ્યા ની વિગતો મળી રહી છે.પોલીસ દ્વારા બન્ને પરિવારોનાનિવેદનઆધારેતપાસહાથધરી છે જ્યારે તબીબી ટીમ દ્વારા મૃતકોરેવ ખોડી ત્રણ દિવસ પહેલા ની હોવાનું અનુમાન જણાવ્યુંહતું.પોલીસદ્વારા મૃતકોનાપરિવાર અને મિત્રો સહિત ની જીણવટ ભરી તપાસ અનેટેલીફોનીકડિટેલસહિતદિશામાંતપાસ તેજ કરીહોવાનુંમોડીસાંજેજાણવામળીરહ્યું છે

પહેલા પાનાનું આજીવન કેદ

આઈપીસી ૩૭૬ માંઆજીવન કેદ અને ૨૫ હજારનો દંડ પોકસો એકટની કલમ ૪ ના ગુનામાં આજીવન કેદ અને ૨૫ હજાર દંડ, પોકસોએકટનીકલમ૫ (એલ) સાથે વાંચતા કલમ ૬ ના ગુનામાં આજીવન કેદ અનેપોકસો એકટનીકલમ૭સાથેવાંચતા ૮ માંપાંચવર્ષની સખ્તકેદ તથાપોકસોએકટનીકલમ૮ (એલ) સાથે વાંચતા ૧૦ મુજબમાં ૭ વર્ષની કેદ ફટકારી છે.

પહેલા પાનાનું આવેદનપત્રો

તેને રાષ્ટ્ર દોષ નોગુનો નોંધી અને આમાં મદદ કરતા સંસદમાં પ્રવેશવા માટે ભલામણ કરનાર ભાજપના સંસદ સભ્યોનોસભ્યપદરદકરીતેમનાપરએન ઈયર માં અભ્યાસ કરતા હર્ષલ કુમાર પરેશભાઈ લાઠીયાએ સ્ટેટ લેવલે '૨ નંબર વિજેતા જાહેર થયા છે. જે ગર્વ ની બાબતછે. બધાજન્ટ્રુઇન્ટોતેમજશૈક્ષણિક સ્ટાફે તેઓને અભિનંદન આપી પ્રોત્સાહિત કરેલ છે.

ડુંગળી પરનો પ્રતિબંધ હટાવવા અને ટેકાનાં ભાવથી અન્ય જણસો ખરીદવા

ખેડુતોનો પાક ઉત્પાદન પ્રશ્ને આમઆદમી પાર્ટી દ્વારા રજુઆત : આંદોલનની ચિમકી

કેન્દ્ર સરકારને પત્ર પાઠવતા આમ આદમી પાર્ટીનાં આગેવાનો

અમરેલી,કેન્દ્ર સરકાર દ્વારા તાત્કાલીક અસરથી ડુંગળી વિદેશ એકસ્પોર્ટ ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જે ખેડૂતોને જબ્બરજતો અન્યાય છે. કારણ કે હાલ જે ડુંગળીવેચાણ માટે માર્કેટમાંઆવી રહીછે. તે વધુમાં વધુ એકસ્પોર્ટ કરવી જોઈયે, શા માટે? તેના કારણો નીચે મુજબ છે.

ડીસેમ્બર થી એપ્રિલ મહિના સુધી જે ડુંગળી માર્કેટમાંઆવેછે.તેમહત્તમ ખેડૂતના ખેતરોમાં પાકી હોય તે આવે છે. જે ડુંગળી ૧૫ થી ૨૦ દિવસ કરતા વધારે સંગ્રહ કરી શકાની નથી અને ખેડૂત કરી શકતો પણ નથી એટલે ખેડૂતના હિતમાં ભાવ મળે એટલા માટે સીધી એકસ્પોર્ટ થાય તો જ ભાવ મળે. આ તમામ મુદ્દા ને ધ્યાન લઈને સરકાર શ્રી દિવસ ૧૦(દસ)ની અંદર ખેડૂત હિતમાં નિર્ણય લે અન્યથા આમ આદમી પાર્ટી ખેડૂતોને સાથે રાખીને એક જન આંદોલન તરફ જશે.આતકેઉપસ્થિતરહેનારઆગેવાનો મનીષભાઈ સેલડિયા, કેવિનભાઈ ગજેરા, પુનિતભાઈ મોરજરિયા, અરવિંદભાઈ નાકરાણી, અલ્પેશભાઈ કથીરિયા, વિપુલભાઈ ટિંબડિયા, નરેશભાઈ પરમાર, ધરમેશભાઈ સોલંકી વગેરેએ રજુઆત કરી હતી.

-:: જાહેર નોટીસ ::-

આથી અમો રવિન્દ્રકુમાર જે.તેરૈયા - એડવોકેટ, રહે.રાજકોટ, જુ.અમરેલીના તે અમારા અસીલ - સરયેયા ભારતીબા પ્રદ્�લસિંહ એ અમો પાસે તેમની નીચે જણાવેલ મિલ્કત (ફ્લેટ) નું ટાઇટલ ક્લીયર સર્ટી માંગેલ હોય જેથી તેમની સુચનાથી અમો આ જાહેર નોટીસ દ્વારા લાગતા વળગતાઓ તમામને જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં રાજુલા તાલુકાનાં મોજે રાજુલા ગામે સર્વિલાનગર તરીકે ઓળખાતા વિસ્તારનાં રાજુલા સીટી સર્વે કચેરીનાં સિ.સ.નં.૩૦૧૬/બ/૭, પ્લોટ નં.-૭, માં આવેલ ''રસીકબાપા'' એપાર્ટમેન્ટમાં પહેલા માળે આવેલ ફ્લેટ નં.-૫ તથા ૨, જેનું ક્ષેત્રફળ - ૧૨૬.૫૦૭ ચો.મી. વાળી મિલ્કત જે અમારા અસીલની માલીકી અને તેના કબજા ભોગવટાની આવેલ છે. જે મિલ્કત અમારા અસીલે (૧) શ્રીમતી વાસંતીબેન નવીનચંદ્ર વાવડીયા તથા (૨) યશવંતરાય શાંતીલાલ વાવડીયા ના વારસદાર રોમની પુત્રી આશાબેન યશવંતરાય વાવડીયા તે પ્રણવભાઇ હિંડોચાના દાર્પાલની પાસેથી રજી.વેચાણ દસ્તાવેજ નં.૧૭૮૨, તા.૧૯-૧૦-૨૦૨૨ થી નાં રોજ ખરીદ કરેલ છે. અને ઉતરોતર વેચાણ દસ્તાવેજોથી અમારા અસીલ તેના માલીક બનેલ છે હાલ અમારા અસીલ પાસે સદરહુ મિલ્કતની કબજો ભોગવટો છે. અને તે મિલ્કત ઉપર અમારા અસીલ ધી રાજુલા નાગરીક સહકારી બેંક લી. માંથી લોન મેળવવાના હોવાથી ઉપરોકત મિલ્કતનું ટાઇટલ ક્લીયર સર્ટીફીકેટ માંગેલ છે તો સદરહુ મિલ્કત પરત્વે જો કોઇનો કોઇપણ પ્રકારનો લાગ, ભાગ, હકક, હિત, હિસ્સો કે વારસાઇ હકક કે ભરણ પોષણનો હકક કે કોઇપણ બેંક કે મંડળીનો કોઇ સંસ્થાનો બોજો, લીયન કે કોઇ ખાનગી વ્યકિતને ત્યાં તારણમાં મંડેલ મુકેલ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોના નીચે જણાવેલ સરનામે અમોને તથા ધી રાજુલા નાગરીક સહકારી બેંક લી.- રાજુલા, કે.મેઇન બજાર, જુ.અમરેલીને લેખીત તથા દસ્તાવેજી આધાર - પુરાવાઓ સાથે જાણ કરવી. જો સમય મર્યાદામાં કોઇના તરફથી કોઇનો વાંધો તકરાર નહી આવે તો ઉપરોકત મિલ્કતમાં કોઇનો કાંઇપણ પ્રકારનો લાગ - ભાગ, હકક હિત, હિસ્સો, કે વારસાઇ હકક કે ભરણ - પોષણનો હકક કે કોઇ બેંક કે મંડળીનો બોજો કે લીયન નથી અને જો હોય તો તે જતા (WAIVE) કરેલ છે તેમ સમજી અમારા અસીલને સદરહુ મિલ્કતનું ટાઇટલ ક્લીયર સર્ટીફીકેટ આપવામાં આવશે અને નોટીસ પ્રસિધ્ધ થયાનાં સમય મર્યાદા બાદ જો કોઇના તરફથી કોઇપણ પ્રકારના વાંધા તકરાર આવશે તો તે ગ્રાહ્ય રહેશે નહી જેની તમામે લાગતા - વળગતાઓએ નોંધ લેવી.

સ્થળ : રાજુલા
તારીખ : ૧૪-૧૨-૨૦૨૩
અસીલની સહી.....

તે અમારા અસીલની સુચના મુજબ
રવિન્દ્રકુમાર જે.તેરૈયા - એડવોકેટ
હે.લવી મામલતદાર ઓફીસ સામે, જાફરાબાદ રોડ, રાજુલા, જુ.અમરેલી મો.૯૦૯૮૬ ૬૬૬૫૬

વી. કે. મોટર્સ
VK MOTORS
Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE I SPARE I INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા.
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail:kanpariyavipul4025@gmail.com

LG
5 વધારાના ફાયદા સાથે સૌથી સસ્તાની ગેરંટી*
મફત વિમો ૫ વર્ષ માટે | 22.5% | Combo Offers | તાત્કાલીક DELIVERY | REFER OFFER
મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચકકરગઢ રોડ,અમરેલી. મો. 99 74 77 23 77
*Conditions apply

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૧૫-૧૨-૨૦૨૩ શુક્રવાર

ત્રણ રાજ્યોના મુખ્યપ્રધાન પસંદ કરવામાં મોદીએ ભેદી પરંપરા જાળવી તો ખરી...!

નાના ભાળકને ઘણી વખત રમત રમવાની ટેવ હોય છે અનેતેમુઠ્ઠીબંધકરીનેતમનેપૂછેછેકહોતોકેમારીમુઠ્ઠીમાંશુંછે? અને પછીએછેલ્લી ઘડી સુધી હાથ સંતાડી રાખેછે. વડપ્રધાન મોદીમાં પણ આવીભાળસહજમુગ્ધતાહજુજળવાયેલીછે. દરકેવખતેતેઓકેન્દ્રના મંત્રીઓ માટે અને રાજ્યોના મુખ્યમંત્રી નક્કી કરવા માટે આવી ભેદી પદ્ધતિ જ અખત્યાર કરે છે અને પોતે રહસ્ય જાળવી રાખ્યું હોવાનો જબરજસ્તઆનંદલેછે. એકકએમનેછેજ. ભાજપેઅંતેમધ્યપ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢ એ ત્રણેય રાજ્યના મુખ્ય પ્રધાનો નક્કી કરી નાખ્યા. નરેન્દ્ર મોદી આશ્ચર્ય સર્જવા માટે જાણીતા છે ને આ ત્રણ રાજ્યોના મુખ્યપ્રધાનોની પસંદગીમાંતેમણેએપરંપરાજાળવી. ત્રણેય રાજ્યમાંકોઈનેકલ્પનાપણનાહોયએવાનેતાઓનેગાદીપરબેસાડીને રાતોરાત રાજા બનાવી દીધા.

ગયા રવિવારે એટલે કે ત્રણ ડિસેમ્બરે પરિણામ આવ્યાં ત્યારથી મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢ એ ત્રણેય રાજ્યના મુખ્યપ્રધાન કોણ બનશેતેની અટકળોચાલતી હતી. મીડિયા પોતાની રીતેપતંગચગાવીનેનામોરમતાંકરતુંહતુંપણમધ્યપ્રદેશ, રાજસ્થાન અનેછત્તીસગઢ એ ત્રણેય રાજ્યના મુખ્યપ્રધાન તરીકે એવા લોકોની પસંદગીથઈકે જેમનાંનામકોઈએચલ્યાંજનહોતાં, ભલેસાંભળ્યાં જ નહોતાં.

છત્તીસગઢના મુખ્યપ્રધાન બનેલા વિષ્ણુદેવ સાઈ જૂનો જોગી છે ને કેન્દ્ર સરકારમાંપ્રધાન રહીચૂક્યા છેનેથી તેમનું નામ રાષ્ટ્રીય સ્તરેજાણીતું હતું પણ મધ્યપ્રદેશના ડો. મોહન યાદવ અને રાજસ્થાનના ભજનલાલશર્માનાતોનામપણરાષ્ટ્રીયસ્તરેકોઈએસાંભળ્યાંનહોતાં. મોહન યાદવ ત્રીજી વાર વિધાનસભ્ય તરીકે ચૂંટાયા છે ને શિવરાજસિંહ ચૌહાણ સરકારમાં શિક્ષણ પ્રધાન હતા તેથી મધ્ય પ્રદેશમાં જાણીતા કહેવાય પણ ભજનલાલ શર્મા તો રાજસ્થાનમાં જ જાણીતા નથી.

શર્મા રાજસ્થાન ભાજપના કાર્યકરો માટે પણ અજાણ્યું નામછેકેમકેશર્માપહેલીવારવિધાનસભ્યતરીકેજ ચૂંટાયાછે. ઈન્ટરનેટ પર સર્ચકરોતોવીકીપીડિયાએપણશર્માનેરાજસ્થાનનામુખ્યપ્રધાન તરીકેપસંદકરાયાપછીતોતેમનાનામનુંપેજબનાવ્યુંનેતેમાંપણએવી જોરદાર માહિતી નથી. મોદીએ ગુજરાતમાં વિજય રૂપાણીને હટાવ્યા પછીભૂપેન્દ્રપટેલનેલોટરીલાગીગયેલીએવુંજ ભજનલાલનાકેસમાં થયું છે. ઘન રાશિના બંનેજાતકોએ બગાસુંપણ નહોતું ખાધુ ને ભાજપ હાઈકમાન્ડે તેમના મોંમાં પતાસુંમૂકી દીધું.

કહેવાતા રાજકીય વિશ્લેષકો ભાજપે ત્રણેય રાજ્યોમાં નવા ચહેરાઓને મૂકીને લોકસભાની ચૂંટણી માટે માસ્ટરસ્ટ્રોક ખેલી નાંખ્યો છે ને એવીવાતોકરીરહ્યાછે. ભાજપેરાજસ્થાનમાંબ્રાહ્મણ, મધ્યપ્રદેશમાં ઓબીસી યાદવ ને છત્તીસગઢમાંઆદિવાસીને મુખ્યપ્રધાન બનાવીને ત્રણ શાંતિવાદી સમીકરણોને સાધ્યાં છે એવો દાવા પણ થઈ રહ્યા છે.

આ દાવા એટલે થઈ રહ્યા છે કે, આ કહેવાતા રાજકીય વિશ્લેષકોનાં માનસ શાંતિવાદી સંકુચિતતાનાં ગુલામ છે. એ લોકો ચૂંટણીને શાંતિવાદથી આગળ જોઈ શકતા નથી એટલેઆ વાતોકરેછે પણ રાજકારણમાં નિર્ણયો લેવાય ત્યારે આ બધી વાતો ધ્યાનમાં નથી રખાતી. કેટલાક વળી એવી વાતો કરે છે કે, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનું ધાર્યું થયું છે ને ત્રણેય મુખ્ય પ્રધાન સંઘના માણસ છે.

ભલા માણસ, ત્રણમાંથી કોઈનેસંઘસાથેકંઈલેવાદેવાનથી. વિષ્ણુદેવસાઈ ૧૯૮૦નાદાયકામાંમધ્યપ્રદેશના આદિવાસીવિસ્તારમાં સોથી પહેલાંસરપંચતરીકેચૂંટાયેલા. ભાજપેનેએવાતેપોતાનોવિસ્તાર કરવા માટે યુવા નેતાઓની જરૂર હતી તેથી સાઈને ૧૯૯૦માં વિધાનસભાની ટિકિટ આપીને એજીની ગયાતેમાંરાજકીયકારકિર્દીશરૂ થઈ ગઈ. મોહન યાદવ એબીવીપીના કાર્યકર તરીકે કારકિર્દી શરૂ કરીને આગળ વધ્યા છે.

ભજનલાલશર્માતોમૂળભાજપનાપણનથી. શર્માએરાષ્ટ્રીય સામાજિક ન્યાય મંચ નામની પાર્ટીથી રાજકીય કારકિર્દી શરૂ કરેલી. લોકેન્દ્રસિંહ કલવી અને દેવીસિંહ ભાટીની આ પાર્ટીની ટિકિટ પર શર્મા ૨૦૦૩માંદબદબે બેઠક પરથી લડેલા ને પ,૬૦૦ મત જ મળતાંતેમની ડીપોઝિટ પણ ગયેલી.

ગયા વરસમાં રાજકારણમાં ઉપર બેઠેલા લોકો કલ્યાગરા અને ઠીલા માણસોને સત્તા સોંપે છે કે જેથી પોતાનું ધાર્યું થાય, પોતાની સામે અવાજ ના ઉઠે. પોતાના દાબમાં રહે એવા માણસોને સત્તા સોંપીને તેમને રીમોટ કંટ્રોલથી ચલાવી શકાય. બાકી શાંતિવાદી સમીકરણો ને એવું બધું ધ્યાનમાં રાખવાનું જ હોત તો રાજસ્થાનમાંસી.પી. જોશીબ્રાહ્મણ જ છે ને? તેમને કેમ મુખ્ય પ્રધાન ના બનાવાયા? મધ્ય પ્રદેશમાં ડો. મોહન યાદવ કરતાં મોટા ઓબીસી નેતા પ્રહલાદસિંહ પટેલ હતા જ ને? ભાજપે તેમને કેમ પસંદ ન કર્યા. કારણ કે જોશી અને પટેલ કલ્યાગરા બનીને ન રહે.

આ તો બે નેતાનાં નામ આપ્યાં પણ શાંતિનાં સમીકરણો જ ધ્યાનમાંરખાતાંહોતતોબીજાપણજાણીતા નેતા છેજ. તેમનેપણતકનથી અપાઈ કેમ કે હાઈકમાન્ડને

હંમેશાં રાજ્યોમાં નબળા નેતા જ જોઈએ. જવાહરલાલ નહેરુએ એ કર્યું, ઈન્દિરાગાંધીએએકર્યું ને મોદીપણએજ કરીરહ્યા છે. ગુજરાતમાંભૂપેન્દ્ર પટેલ, હરિયાણામાં મોહનલાલ ખટ્ટર, કર્ણાટકમાં બસવરાજ બોમ્મઈ જેવા નેતા મોદીની મહેરબાનીથી જ મુખ્ય પ્રધાન બન્યા, બાકી ભાજપના વિકાસમાં કે જાહેર જીવનમાંપણ તેમનું એવું

કંઈ યોગદાન જ નથી. હવે ભજનલાલ શર્માનું નામ તેમાં ઉમેરાયું છે.

મોદી અત્યારે જેના નામ પર આંગળી મૂકે છે તેનો સિતારો ચમકી જાયછે એવું નહેરુ અનેઈન્દિરાના સમયમાંપણ બન્યું. નહેરુ અને ઈન્દિરાના સમયમાં મુખ્ય પ્રધાન બનેલા લોકોનાં નામ જોશોતો સમજાશે કે, એવાનતેપણ આવું

જ્યાલનુંનેકૈસેકૈસેલોગકૈસેકૈસેથઈજતા નકૈસેકૈસેલોગએસેવૈસેથઈ જતા. સાવધરૈટ લોકો મુખ્યપ્રધાન બનતા ને જેમના નામોતાકાલકહીએવા લોકો મોં વકાસીને જોઈ રહેતા.

મોદી એજ નીતિને અનુસરી રહ્યા છે ને તેમાં ખોટું પણ કંઈ નથી કેમ કે ભાજપ અત્યારે જે કંઈ છે એ નરેન્દ્ર મોદીની લોકપ્રિયતાના કારણેછે. આ સંજોગોમાં મોદી પોતાને મનફાવેએવા નિર્ણયો લઈ જ શકે. આ જ રાજકારણ છે ને મોદી પોતાનું વર્ચસ્વ જાળવવા માટે આ પ્રકારનું રાજકારણ રમે તેમાં કશું ખોટું નથી. જેમને આ રાજકારણ ના ફાવેએસામે પડી શકે પણ કોઈ પડતું નથી કેમ કે બધાંને ખબર છે કે, ભાજપની સત્તા મોદીને આભારીછે. મોદીસામેપડીશું તોપતીજઈશું એવાન બધાંનેછેતો જ સાવનબળા નેતાઓને ગાદીપર બેસાડાય તોપણશિસ્તના નામેસીધૂપ રહેછે.

રાજુલાના છાપરી ગામે ભૂતપૂર્વ શિક્ષકો અને વિદ્યાર્થીઓનું સ્નેહમિલન યોજાયું

ગામના સરપંચ સહિત એસએમસી કમીટીના સભ્યો વાલીઓની ઉપસ્થિતી

અમરેલી,અમરેલી જીલ્લાની રાજુલા તાલુકાની છાપરી પ્રાથમિક શાળા ખાતે તા.૧૦/૧૨/ ૨૦૨૩ના રોજ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સ્નેહમિલન અને સમારંભનુ સુંદર આયોજન કરવામા આવેલ.જેમા ગામના સરપંચશ્રી, ઉપસરપંચશ્રી, શાળા એસએમસીના સભ્યો અનેગ્રામજનોતેમજ બાજુના ગામની શાળાના શિક્ષકોએ બહોળી સંખ્યામા હાજર રહી કાર્યક્રમને સફળ બનાવેલ.ભૂતપૂર્વ શિક્ષકોના સામૈયા સાથે કાર્યક્રમની શરૂઆત કરાતા વિદ્યાર્થીઓ દ્વારા જુદી જુદી સાંસ્કૃતિક કૃતિઓ રજુ કરાઈ હતી ત્યારબાદ ભૂતપૂર્વ શિક્ષકોના હસ્તે વિદ્યાર્થીઓનો ઈનામ આપી પ્રોત્સાહિત કરાયા હતા.આ કાર્યક્રમમાં ભૂતપૂર્વશિક્ષકોએ ભૂતપૂર્વવિદ્યાર્થીઓ દ્વારા શાળાના વિકાસ માટે એક મોટું ઝેરોક્ષ મશીન અને એક મોટી માઈક સિસ્ટમ શાળાને ભેટ આપી સરાહનીય કાર્ય કર્યું હતું. જ્યારે ભીખુભાઈ દેવગાણિયા અને ભદ્રાબેને શિક્ષકની ભૂમિકા અને ગુરુ શિષ્ય વચ્ચેના સંબંધોનો ઉલ્લેખ કરી પ્રાસંગિક પ્રવચન આપી કાર્યક્રમની શોભા વધારી હતી. સ્નેહમિલન કાર્યક્રમનુ એન્કરિંગ મનસુખભાઈ તરસરીયા અને કિપાલભાઈ દ્વારા તેમજ આભારવિધિ જાદવભાઈ કલસરિયા દ્વારા કરી સમગ્ર કાર્યક્રમને શાળાના આચાર્યશ્રી હરેશભાઈ નાડિયા,જાદવભાઈ કલસરિયા,હેમાંશીબેન ભાભોર અને છાપરી ગામના યુવાનો તેમજ આગેવાનોએ ભારે જહેમત ઉઠાવી સફળ બનાવેલ છે જે છાપરી ગામના શાળાના આચાર્યશ્રી દ્વારા જણાવ્યું હતું.

એકતા શરાફી સહકારી મંડળીની મુલાકાતે બગસરાનાં આગેવાનો

તસ્વીર અરૂણ ભટ્ટ

એકતા મહિલા શરાફી સહકારી મંડળીની બગસરા નાગરીક શરાફી મંડળીના એમડી નિતેશભાઈ ડોડીયા અને પદાધિકારીઓએ મુલાકાત લીધી હતી તે વેળાએ મંડળીનાં પ્રમુખ રંજનબેન ડાભીએ સ્વાગત કર્યું હતું તે વેળાએ તસવીરમાં નજરે પડે છે.

ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

આજનું પંચાગ

તા.૧૫.૧૨.૨૦૨૩ શુક્રવાર ,સંવત ૨૦૮૦, માગશર સુદ ત્રીજ, પૂર્વાષાઢા નક્ષત્ર, વૃદ્ધિ યોગ, તૈતિલ કરણ આજે બપોરે ૧.૪૪ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ ધન (ધ,ભ,ફ,ઢ) ત્યારબાદ મકર (ખ,જ) રહેશે.

મેષ (અ,લ,ઈ) : આંતરિક શકિત વધે, દિવ્ય ચેતનાનો વિકાસ થાય, લાભ આપતો દિવસ,પ્રગતિ થાય.

વૃષભ (બ,વ,ઉ) : ભાગ્યની દેવી રીઝતી જણાય,નવીન તક હાથ માં આવે,ધાર્યા કામ પાર પાડી શકો .

મિથુન (ક,છ,ઘ) : મનમાં ચીડિયાપણું રહે ,માનસિક વ્યગ્રતા રહે,મન નું ધાર્યું ના થાય,મધ્યમ દિવસ.

કર્ક (ડ,હ) : ભાગીદારીમાં કામ કરતા મિત્રો ને સારું રહે, દામ્પત્યજીવનમાં સારું રહે,પરિવાર સાથે આનંદ માણી શકો.

સિંહ (મ,ટ) : નબિયતની કાળજી લેવી, ખાણી પીણી બાબત ધ્યાન રાખવા સલાહ છે, જીવનપદ્ધતિમાં ફેરફાર કરવા પડે.

કન્યા (પ ,ઠ ,ણ) : પ્રણયમાર્ગે આગળ વધી શકો,મનની વાત વ્યકત કરી શકો. દિવસ ખુશીનુમા વીતે.

તુલા (ર,ત) : તમારા પોતાના શોખ માટે સમય ફાળવી શકો, પરિવાર સાથે સમય વિતાવી શકો ,દિવસ આનંદ માં પસાર કરી શકો.

વૃશ્ચિક (ન ,ય) : નવી પ્રતિભા કેળવી શકો, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો,આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

ધન (ધ ,ભ ,ફ ,ઢ): તમારા સીમ્ય વાણી-વર્તનથી લાભ થાય,નોકરિયાતવર્ગને સારું રહે, પ્રગતિકારક દિવસ રહે.

મકર (ખ ,જ) : તમારા ક્ષેત્રમાં આગળ વધી શકો,વેપારીવર્ગને સારું રહે, સ્તિરવર્ગને મધ્યમ રહે,કામકાજમાં સફળતા મળે.

કુંભ (ગ ,સ,શ) : ખર્ચ પર અંકુશ રાખવો પડે,આવક જાવક નો મેળ કરવો જરૂરી. વધુ વિશ્વાસે ના ચાલવું.

મીન (દ ,ચ ,ઝ ,થ): નસીબ સાથ આપતું જણાય , આકસ્મિત લાભ થાય,ગમતી વ્યક્તિ સાથે સમય વિતાવી શકો.

ચાર શખ્સોએ કોન્ટ્રાક્ટર પાસે ખંડણી માંગી ફાયરીંગ કરવા ધમકી આપી

લીલીયામાં રોડનું કરવા દેવા માટે ૨૫ લાખની ખંડણી માંગી

ઓમ કંસ્ટ્રકશન કંપની દ્વારા ચાલતા સાવરકુંડલાથી રંઘોળા રોડના કામની સાઈટ પર જઈ ધમકી આપ્યાની લીલીયા પોલીસમાં ફરિયાદ

અમરેલી,(કાઈમરીપોર્ટર)

લીલીયા તાલુકાના સનાળીયા ગામે તા. ૧૩-૧૨ ના બપોરના ઓમ કંન્ટ્રકશન કંપનીમાંનોકરી કરતા સુરેશભાઈ રામાભાઈ ડાંગર ઉ.વ. ૩૨ રહે. ખારી તા. શિહોરવાળા સાવરકુંડલાથી રંઘોળા સુધી રાડનું કામ શરૂ હોય. અને રોડની સાઈડ ઉપર સનાળીયા ગામેહાજર હોય. તે દરમ્યાન અમરેલીના છત્રપાલસિંહ વાળા, લાલાવદરનાજગુવાળા, લીલીયાસલીમ બેલીમ તથા એક અજાણ્યા શખ્સે પોતાનો સમાન ઈરાદો પાર પાડવાના ઈરાદે સ્કોરપીયો કાર જી.જે. ૦૩ એચ.આર. ૨૭માંઆવીરોડનુંકામબંધકરવાધમકી આપી અને આ કામ કરવું હોય તો રૂ/- ૨૫,૦૦,૦૦૦ખંડણીઆપવામાંગકરી ગાળો બોલી પૈસા નહી આપે તો સ્કોરપીયો ગાડી માથે ચડાવી અને ફાયરીંગ કરી મારી નાખવાની ધમકી આપી તેમજ વાહનો સળગાવી દેવાની ધમકી આપી ગુનો કરવા પોતાનો સમાન ઈરાદો પાર પાડવા એકબીજાએ મદદગારી કર્યાની લીલીયા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

ખાંભાના ઈંગોરાળા નજીક બોલેરોએ હડફેટે લેતા બે ભેંસના મોત નીપજ્યા

બે ભેંસને ઈજા કરી રૂ/-૧,૪૫,૦૦૦ નું નુકશાન કર્યાની ફરિયાદ

અમરેલી,(કાઈમરીપોર્ટર)

ખાંભા તાલુકાના ઈંગોરાળા ગામ નજીક ધનજીભાઈ મનજીભાઈ તંત્તીની વાડી પાસે અમુલ દુધ લખેલ એક બોલેરો પીકઅપ વાહનજી.જે. ૧૪ઝેડ. ૨૯૨૦ ના ચાલકે પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી ઈંગોરાળાના ભીખાભાઈ અમરાભાઈ આલની બે ભેંસોને હડફેટે લઈ મોત નિપજાવી એક ભેંસ અને એક ખડાઈને ગંભીરઈજાઓ કરી રૂ/-૧,૪૫, ૦૦૦ નું નુકશાન કર્યાની ખાંભા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

સાવરકુંડલા શહેરમાં ફોરવ્હીલ ચાલકે બાઈકને હડફેટે લઈ લેતા પ્રૌઢનું મોત

બેફીકરાઈથી ચલાવી બાઈક સાથે અથડાવી માથામા ગંભીર ઈજા કરી મોત નિપજાવી નાસી ગયાની ફરિયાદ

અમરેલી,(કાઈમરીપોર્ટર)

સાવરકુંડલા.કે.કે.હાઈસ્કુલ ચોકડીએ ગોકુળનગરમાં રહેતા કનુભાઈ અરજણભાઈ કાનાણી નામના પ્રૌઢ તા. ૭-૧૨ ના બપોરના બજાજ સીટી ૧૦૦ જી.જે. ૦૫ ડી.આર. ૫૭૮૦ લઈને જુના ખોડીગામ જવાના રસ્તેઆવેલ વાડીએ જતા હતા. તે દરમ્યાન કે.કે. હાઈસ્કુલ ચોકડીએ પહોંચતા એસ.વી. દોશી હાઈસ્કુલ તરફથી હુંડાઈ ઓરા ફોરવ્હીલજી.એ.૦૬એફ. ૧૪૬૦ના ચાલકે પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી બાઈક સાથે ભટકાવી શરીરે નાની મોટી ઈજા કરી માથામાં ગંભીર ઈજા પહોંચાડી સારવાર દરમ્યાન મોત નિપજાવી નાસી ગયાની દિલિપભાઈ અરજણભાઈ કાનાણીએ સાવરકુંડલા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

અમરેલી જીલ્લામાં પુરઝડપે તેમજ ટ્રાફિકને અડચણરૂપ વાહનો રખાતા ૮ સામે ફરિયાદ

જાફરાબાદ સામાકાઠાં અને રાજુલાના નવી કાતરમાં વાહન ચાલકો સામે ફરિયાદ

અમરેલી,(કાઈમરીપોર્ટર)

અમરેલી જીલ્લામાં પુરઝડપે અને બેફીકરાઈથી તેમજ ટ્રાફીકને અડચણરૂપ વાહનો રાખતા પોલિસે કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં ડુંગરમાં છકડો રીક્ષા જી.જે. ૧૧ ૭૫૦૨ના ચાલક ફારૂક અલારખભાઈ કલાણીયા પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવતા તેમજ જાફરાબાદ સામાકાંઠે બાઈક જી.જે. ૧૪ બી.સી. ૬૭૬૪ રોહિત રામદાસભાઈ સોલંકી પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવતા, રાજુલામાં કનુ રામભાઈ વાળા રહે. નેસડી તા. ખાંભા મહેન્દ્રા છોટાહાથી જી.જે. ૧૪ ઝેડ. ૧૭૫૨ પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવતા, રાજુલામાં નવી કાતર ગામના દિપકરવજીભાઈ ચૌહાણ સ્પ્લેન્ડર પ્લસ જી.જે. ૦૧ એસ.બી. ૧૭૭૪ પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવતા , રાજુલામાં રામપરા ગામના જયંતિ સવજીભાઈ ચાવડા મહેન્દ્ર બોલેરો પીકઅપ જી.જે. ૦૬ ડબલ્યુ ૮૮૭૬ પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવતા તેમજ લીલીયામાં સામંત દાનાભાઈ ખુમાણ છકડો રીક્ષા જી.જે. ૧૪ ટી. ૬૧૫૪ ટ્રાફીકને અડચણરૂપ રાખતા તેમજ અમરેલીમાં માહીર ઉર્ફે માયલો હનીફભાઈ મલેક કટલેરીની લારી ટ્રાફીકને અડચણરૂપ રાખતા , અમરેલીમાં સમીર કાદરભાઈ કુરેશી છકડો રીક્ષા જી.જે. ૦૭ ટી. ૬૦૦૧ ટ્રાફીકને અડચણરૂપ રાખતા પોલિસે કાર્યવાહી હાથ ધરી ફરિયાદ નોંધાવી હતી.

રાજુલાના રામપરા -૨ કોલોની પાસે બસની કેબીનમાં શોર્ટ સર્કીટ થતા આગ લાગી

વાયરીંગ તથા ડ્રાઈવર સીટ બળી જતા રૂ/-૩૫ હજારનું નુકશાન

અમરેલી,(કાઈમરીપોર્ટર)

રાજુલા તાલુકાના રામપરા-૨ હોટલ અવધની બાજુમાં કોલોની પાસે મુળ પ્રતાપગઢ યુ.પી. હાલ પીપાવાવ પોર્ટના રામલાલ બગેઈરામ કોળીએ બસજી.જે. ૦૬ એ. યુ. ૭૫૪૫ માં કેબીનમાં અચાનક શોર્ટ સર્કીટ થતા બસના કેબીનમાંઆગલાગતાબસની કેબીનમાં વાયરીંગ તથા ડ્રાઈવર સીટ સહિતની ચીજવસ્તુઓસળગીજતારૂ/-૩૫,૦૦૦ નુંનુકશાનથયાનુંમરીનપીપાવાવપોલિસ મથકમાંજાહેર કરેલછે.

સાવરકુંડલામાં લાઈટ પ્રશ્ને ફોન કરતા યુવાનને ધમકી આપી

સાવરકુંડલા પોલીસ મથકમાં ધમકીની ફરિયાદ નોંધાઈ

અમરેલી,(કાઈમરીપોર્ટર)

સાવરકુંડલા નુરાનીનગરમાં રહેતા શબ્બીરભાઈ અલારખભાઈ મલેક ઉ.વ. ૩૬ એ નુરાનીનગરમાં લાઈટ નાખવા પ્રશ્ને ફોન કરતા રાજેભાઈ મહુવા રોડ બસસ્ટેન્ડ સામે ખાડામાં બોલાવી ગાળો બોલી ધમકી આપ્યાની સાવરકુંડલા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

ધારીના ગોવિંદપુરમાં નવનીતભાઈ સોજીત્રાની વાડીના કુવામાં ડુબી જતા યુવાનનું મોત નિપજ્યું

મોટરની લાઈન તથા કેબલમાં ફસાઈ જતા ડુબી જવાથી મોત નિપજયાનું જાહેર કરાયું

અમરેલી,(કાઈમરીપોર્ટર)

ધારી તાલુકાના ગોવિંદપુર ગામે નવનીતભાઈ જીવરાજભાઈ સોજીત્રાની વાડીએ રીનેશ લોકેશ , લલુભાઈ , ભાયદાસભાઈ, કુવામાં ન્હાતા હતા. તે દરમ્યાન રીનેશ કુવાની પાળ ઉપરથી કુવાના પાણીમાં ઘુબાકા મારતો હોય . ત્યારે કુવાની અંદર રહેલ ઈલેક્ટ્રીક મોટરની લોઈન તથા કેબલની અંદર ફસાઈ જતા કુવાના પાણીમાં ડુબી જતા રીતેશનું મૃત્યું નિપજયાનું પિતા ગુલસિંહ જુગાડીયાભાઈ નરગાવે ધારી પોલિસ મથકમાં જાહેર કરેલ છે.

રાજુલા તાલુકા પંચાયતના મહિલા પ્રમુખે પીતાનું અવસાન થતા ચાર દિકરીઓએ કાંધ આપી અગ્નીદાહ આપ્યો

મહિલા પ્રમુખ સહિત ચારેય દિકરીઓએ દિકરાની ફરજ બજાવી

રાજુલા, (કનુભાઈવડ)રાજુલાતાલુકાપંચાયતના મહિલાપ્રમુખેસમાજનેનવોરાહચિંધ્યોહતોતેના પિતાનું અવસાન થતાં દીકરો ન હોવાથી ચાર દીકરીઓએ કાંધ આપી અગ્નિદાહ આપ્યો હતો.જાણવામળતીવિગતમુજબરાજુલાતાલુકા પંચાયતના મહિલા પ્રમુખ છાયાબેન વીરજલાલ પુરોહિત ના પિતા નવનીત રાય શિવશંકર પંડ્યા (પ્રહવી) નુંનિધનથતાતેનેદીકરોનહોવાથીપ્રમુખ છાયાબેન વીરજલાલ પુરોહિત રેખાબેન ગૌતમ કુમાર રાજયગુરુ સોનલબેન જનકકુમાર રાજયગુરુ અને દિવ્યાબેન કમલેશકુમાર રાજયગુરુચારેયબહનોએઅંકાંધઆપીદિવ્યાબેન દ્વારા તેને અગ્નિદાહ આપ્યો હતો અને દીકરા સમાન ચારેય દીકરીઓ ઊભી રહી હતી અને ધાર્મિક વિધિ પૂર્ણ કરી હતી અને સમાજને અને અન્ય સમાજને નવો રાહ ચિંધ્યો હતો.

લાઠીમાં બાળકોને ટ્રાફિક અવેરનેસ માર્ગદર્શન અપાયું

પીએસઆઇ શ્રી બરવાડીયાનાં માર્ગદર્શન નીચે જગ જાગૃતિ રેલી યોજાઇ

લાઠી, (વિશાલ ડોડીયા)સુરક્ષા સેતુ સોસાયટી અમરેલી જીલ્લા અંર્તગત લાઠી પોલીસ તથા PSI શ્રી એચ.જે.બરવાડીયા સા દ્વારા ધોરણ ૬ થી ૮ બાળકો ને ટ્રાફીક અવેરનેસ તેમજ સાયબર ક્રાઈમ લગત માહીતી આપવામા આવી તેમજ આ અંગે જન જાગૃતી રેલી કાઢવામા આવી...તેમજ બાળકો ને પોલીસસ્ટેશન થી માહિતગાર કરવામા આવ્યા હતાં.

દિવ્યાંગ દિપ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અમરેલીમાં સર્વજ્ઞાતી સમુહલગ્ન યોજાશે

અનાથ દિવ્યાંગ દિકરા દિકરીઓના વિનામુલ્યે લગ્ન કરી અપાશે

અમરેલી,દિવ્યાંગદિપસેવાચેરીટેબલટ્રસ્ટ અમરેલી ખાતે બીજો સર્વજ્ઞાતી સમુહ લગ્નોત્સવ તા.૩૧-૩-૨૪ ના રોજ અમરેલીમાંરાખેલછે. જેમાંએનાથદિવ્યાંગ દિકરા દિકરીઓનાં વિનામુલ્યે લગ્ન કરી અપાશે. સમુહ લગ્નમાં જોડાવા ઈચ્છુકોએ સંસ્થાનો સંપર્ક કરવા આયોજન કમિટીવતી કાજલબેન ચૌહાણ, અલ્કાબેન વસાણી, કંચનબેન પરમાર, શારદાબેન ડાબી, સંધ્યાબેન ત્રિવેદી, મુન્નાભાઈ રાઠોડ, રાકેશભાઈ સરવૈયા, દિપકભાઈ પરમાર, સંજયભાઈ વાળોદરા, જયદીપભાઈ બોચીયા, કિરીટભાઈ સોલંકી, રમેશભાઈ મકવાણા, જયમુખભાઈ ડાબી, હરેશભાઈ સોલંકી, આરીફભાઈ તમીમીએજણાવ્યુછે. ફોર્મ ભરવા માટે પંચમુખી પાન દિવ્યાંગસેવા પાન જિલ્લા પંચાયત ઓફીસ પાસે અમરેલી મો.નં. ૯૧૫૭૪ ૭૪૯૫૧, ૮૧૪૧૫ ૫૩૭૧૧, ૯૭૩૭૩ ૯૭૮૩૧ નો સંપર્ક કરવા જણાવ્યું છે.

ધારીમાં ડો. જસાણીને શ્રધ્ધાંજલી પાઠવતા શ્રી કાકડીયા

તસ્વીર અરૂણ ભટ્ટ

માનવ સેવાના પ્રહરી ડો જસાણીના અવસાન બાદ પ્રાર્થના સભામાં ઉપસ્થિત રહેતા ધારાસભ્યશ્રી જે.વી.કાકડીયા.આ તકે જસાણી પરિવારના સ્વજનો, તાલુકા ભાજપ પ્રમુખ જીતુભાઈ જોષી, ખોડાભાઈ ભુવા, અતુલભાઈ કાનાણી, ઘનશ્યામભાઈ હિરપરા, બાબભાઈ વાળા, હર્ષદભાઈ રાવલ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

કપાસ ૯૨૫ થી ૧૪૬૫ મગફળી ૧૧૦૦ થી ૧૪૧૬

અમરેલી માર્કેટ યાર્ડ

શિંગમડી	૧૧૦૦-૧૩૧૦
શિંગમોટી	૧૧૦૦-૧૪૧૬
તુવેર	૧૪૪૫-૧૬૫૧
તલસફેદ	૨૨૦૦-૩૩૦૦
તલકાળા	૨૦૦૫-૩૧૮૦
બાજરો	૫૧૦-૫૧૦
જુવાર	૧૦૭૨-૧૦૭૨
ઘઉંટુકડા	૪૪૦-૬૦૦
ઘઉંલોકવન	૪૮૦-૬૨૫
અડદ	૧૩૮૦-૧૬૩૫
ચણા	૭૧૫-૧૨૦૦
કપાસ	૯૨૫-૧૪૬૫
એરંડા	૯૩૫-૧૧૩૫
અજમા	૧૯૨૫-૧૯૨૫
ધાણા	૧૧૫૦-૧૪૧૫

મેથી-

સોયાબીન	૮૩૧-૯૪૪
રજકાનું બી	૩૪૦૦-૩૫૫૦
મરચાલાંબા	૧૩૦૦-૩૭૦૦

અમરેલી શાકભાજી

બટેટા	૨૦૦-૩૨૦
રીંગણા	૮૦૦-૧૨૦૦
ફલાવર	૩૦૦-૪૦૦
કોબીજ	૨૦૦-૩૩૦
ટમેટાં	૨૫૦-૩૮૦
સુરણ	૬૫૦-૭૭૦
ગાજર	૫૫૦-૬૦૦
દુધી	૩૫૦-૪૫૦
કારેલા	૫૫૦-૬૦૦
ગલકા	૬૦૦-૭૩૦
કાકડી	૫૦૦-૬૦૦
ગુવાર	૧૦૦૦-૧૨૦૦
ચોળાલીલા	૭૦૦-૮૦૦
તુરીયા	૧૦૫૦-૧૨૫૦
ભીંડો	૭૫૦-૯૦૦
આદુ	૧૮૫૦-૨૦૫૦
કોથમીર	૨૦૦-૪૪૦
મેથીભાજી	૪૫૦-૫૫૦
ટીંડોરા	૪૫૦-૫૩૦
લીમડોમીઠો	૮૦-૧૧૦
મરચાલીલા	૬૦૦-૮૦૦
લસણસુકું	૪૦૦૦-૫૦૦૦
લીંબુ	૬૫૦-૭૦૦
પાલક	૪૦૦-૫૦૦

રાજુલાયાર્ડ

બાજરો	૪૭૦-૫૧૧
જુવાર	૭૪૦-૧૨૭૮
ઘઉં	૪૭૦-૫૭૯
મગ	૧૬૦૦-૨૪૨૬
ચણા	૯૩૦-૧૩૨૭
સોય

૧૫ હજાર ઉપરાંતની વસ્તી હોવા છતા પણ અપુરતી બસ સુવિધા

ખાંભાના ડેડાણમાં મનફાવે ત્યારે બંધ કરી દેવાતા બસ રૂટો

એસટી તંત્ર દ્વારા બગસરા મહુવા વાયા ખાંભા ડેડાણનો રૂટ બંધ કરી દેવાયો

એસટીને સારી આવક આપતા બસ રૂટો બંધ કરી લોકોની પણ સુવિધા છીનવી લેતા લોકોનો હવે માત્ર ખાનગી વાહનો ઉપર જ મદાર : લોકોએ કાયમી મુશ્કેલીનો સામનો કરવો પડે છે

બગદાણા , બગસરા અને કોડીનાર , જાફરાબાદ અમરેલીનો એસટી બસ રૂટ પણ બંધ કરી દીધો

ડેડાણ, (બહાદુરઅલી હીરાણી)

ખાંભાના ડેડાણની ૧૫ હજાર ઉપરાંતની વસ્તી હોવા છતા મોટા શહેર જેવું ગણાતું ડેડાણ બસપ્રશ્ને પરેશાન છે. અહીંએસટી બોર્ડદ્વારા અવાર નવાર બસરૂટોમનભાવે ત્યારે કાપી નાખવામાં આવેછે. તાજેતરમાં બગસરા , મહુવા વાયા ખાંભા ડેડાણ થઈને જતીબસબંધ કરી દીધી એપછી બગદાણા બગસરા વાયા રાજુલા ડેડાણ ખાંભાની સારી આવકવાળા અનેલોકોની જરૂરી એવા બસરૂટોબંધ કરી નાખ્યા છે. કોડીનાર જાફરાબાદ અમરેલી સવારમાં૯:૩૦કલાકેઅમરેલીજતીઅને સારામાંસારોરૂટ્રાફીકતથાસારીઆવકવાળા બસ બંધ કરી દીધી છે. રાજુલાથી સાંજના ૭ કલાકે ઉપડતી રાજુલા ખાંભા વાયા બારપટોળી ચોત્રા બારમણ ડેડાણ થઈને ખાંભા જતી અને છેલ્લી બસ ખાંભા જવા માટે હતી. તે બંધ કરી નાખેલ છે. અમરેલી એસટી ડિવીઝનના અધિકારીઓ દ્વારા આવુંકેમકરવામાંઆવેછે? લોકડાઉનપછી ડેડાણ રૂટની ૧૫ થી ૨૦ જેટલી એસટી બસો બંધ કરી દેવાતા ડેડાણના ગ્રામજનો ચકકામ કરીઆંદોલન કરવા તૈયારી કરી રહયાછે. આપ્રશ્નઉકેલ નઆવેતોલોકોને ન્યાય કઈ રીતે મળે . તત્કાલ બંધ થયેલા તમામ રૂટો ફરી શરૂ કરવા માંગ ઉઠી છે. હાલ સારા મહત્વના રૂટો બંધ કરી દેવાતા લોકોનોઆધાર માત્રખાનગી વાહનોઉપર જ છે. તેથી લોકોમાં પણ રોષ વ્યાપી ગયો છે.

જતીનભાઇ મૈસુરીયાની રજુઆતને મળી સફળતા...

કુંડલામાં નોનકિમીલીયર, જાતી, આવક, બિનઅનામત ના દાખલા મેળવવા ઓનલાઇન અરજી કરી શકાશે

સાંસદશ્રી અને સકીય ધારાસભ્યશ્રી કસવાલાનો આભાર માનતા જતીન મૈસુરીયા

વાઈબ્રન્ટ અને ડિજીટલ ગુજરાતમાં અરજદાર પોતે ઘર બેઠા કોઈપણપ્રકારના પ્રમાણપત્ર જેમ કે, આવક, જાતી, નોનક્રિમીલેયર, ડોમીસાઈલ, ઈંડેજી, બિનઅનામત વગેરે જેવા પ્રમાણપત્રો માટે ડિઝીટલ ગુજરાતની વેબસાઈટ પર ઘર બેઠા અરજી કરી શકે છે પરંતુ સાવરકુંડલા ગ્રામ્ય વિસ્તારના અરજદારોને ઉપરોકત પૈકી દાખલાઓ મેળવવા માટે ઓનલાઈનઓપ્શન ચાલુ ન હતા જેના અનુસંધાને સાવરકુંડલા શહેર ભાજપા કોષાધ્યક્ષ શ્રી જતીન મૈસુરીયાએ તા.૨૧-૦૭-૨૦૨૩ના રોજ તકનિકી મદદનીશશ્રી એન.આઈ.સી ઓફીસ, કલેકટરશ્રીની કચેરી, અમરેલીને ઓનલાઈન ઓપ્શન ચાલુ કરાવવા માટે રજુઆત કરેલ અને તેમની નકલ સાંસદશ્રી, ધારાસભ્યશ્રી તથા ડી.ડી.ઓશ્રી અને કલેકટરશ્રીને આપેલ જે રજુઆતના અનુસંધાને સાવરકુંડલા ગ્રામ્ય વિસ્તારમાં ઓનલાઈનઓપ્શન ચાલુ થઈ ગયેલછે. આ ઓનલાઈન ઓપ્શન ચાલુ થવાથી સાવરકુંડલા ગ્રામ્ય વિસ્તારના લોકોને જાતીના દાખલા, નોનક્રિમિલેયર, આવકના દાખલા, ઈંડેજી, બિનઅનામતના દાખલા કોઈ પણ ક્ષેત્રે થી જે સાવરકુંડલાના વતની છે અને બહારસુરત, અમદાવાદ રહેછેનેઓપોતે પોતાના મોબાઈલ માંથી ડીજીટલ ગુજરાતની વેબસાઈટ પરથીફોર્મભરીને ઘર બેઠા દાખલા મેળવી શકશે.

આ સાથે શ્રી જતીન મૈસુરીયાએ સાંસદશ્રી નારણભાઈ કાછડીયા, અને ડાયનામીક ધારાસભ્યશ્રી મહેશકસવાલાનોનેમની રજુઆતને સફળતા અપાવવા માટે ગ્રામ્ય વિસ્તારના અરજદારો વતી ખુબ ખુબ આભાર વ્યકત કરયો હતો.

ભારત સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય અંતર્ગત નેહરુ યુવા કેન્દ્ર સંગઠન દ્વારા

ગાંધીનગરમાં રાજ્યકક્ષાનો યુવા ઉત્સવ યોજાયો

અમરેલી જીલ્લામાંથી સાંસ્કૃતીક સ્પર્ધામાં સુરગંગા નૃત્ય વિદ્યાલયની ટીમે પ્રથમ સ્થાન સાથે રૂ.૪૦ હજારનો પુરસ્કાર મેળવ્યો કેન્દ્રીય મંત્રીશ્રી રૂપાલા, શ્રી હર્ષ સંઘવી, શ્રી પાનસેરીયાની ઉપસ્થિતી

તસ્વીર અરૂણ ભટ્ટ

અમરેલી,

ભારત સરકાર અને યુવા કાર્યક્રમ એવમ ખેલ મંત્રાલય અંતર્ગત નેહરુ યુવા કેન્દ્ર સંગઠન,ગુજરાત દ્વારા તારીખ ૧૦-૧૨-૨૦૨૩થી ૧૧-૧૨-૨૦૨૩ ના રોજ રાજ્ય સ્તરીય યુવા ઉત્સવ નું આયોજન શ્રી મોઢેશ્વરી મોટી સમાજ ભવન, પેથાપુર ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું જેમાં જિલ્લા સ્તરીય વિજેતાઓ ને રાજ્ય સ્તર પર ભાગ લેવા નો અવસર પ્રાપ્ત થયો. કાર્યક્રમ માંવિવિધ સ્પર્ધા જેવી કે ચિત્રકળા, મોબાઈલ ફોટોગ્રાફી,કાવ્ય લેખન,વકૃત્વ સ્પર્ધા,સાંસ્કૃતિક કાર્યક્રમ અમૃત કાળ ના પંચપ્રાણ 'નીથીમ પર આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્ય સ્તરીય યુવા ઉત્સવ માં અમરેલી જિલ્લા માથી સાંસ્કૃતિક સ્પર્ધામાં પ્રથમ સ્થાન પર સુરગંગા નૃત્ય વિદ્યાલય ટીમ ને પુરસ્કાર રૂ.૪૦૦૦૦/- અને મોબાઈલ ફોટોગ્રાફી સ્પર્ધા માં લાઈયા હર્ષલ એ દ્વિતીય સ્થાન પ્રાપ્ત ને પુરસ્કાર રૂ.૭૫૦૦/- એનાયત કરવામાં આવ્યું . આ કાર્યક્રમ માં મુખ્ય અતિથિ તરીકે કેન્દ્રિય મંત્રી શ્રીપુરષોતમ રૂપાલા, રાજ્ય ગૃહ મંત્રી શ્રીહર્ષ સંઘવી, શિક્ષણ મંત્રી શ્રી પ્રફુલ પાનશેરિયા, નેહરુ યુવા સંગઠન થી રાજ્ય નિર્દેશક શ્રીમતી મનીષા શાહ, ઉપનિર્દેશક શ્રી દુષ્યંત ભટ્ટ તથા અધિકારીગણ ઉપસ્થિત રહિયા હતા. રાજ્ય સ્તરીય વિજેતાઓ ને રાષ્ટ્રીય સ્તરીય પર ગુજરાત નું પ્રતિનિધિત્વં કરવાનો અવસર પ્રાપ્ત

તપોવન આશ્રમની એક વર્ષમાં ૯૫ ટકા કામગીરી પુર્ણ

